Extra No. 304

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, AUGUST 29, 2025 / BHADRA 7, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું:-

પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાનો પત્ર ક્રમાંક: એલ.આઈ.બી/જાહેરનામું/૧૪૩૯/૨૦૨૫

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (બી) મુજબ

નં. ડીસી/એમ.એ.જી./જાહેરનામું/૩૩(૧)(બી)/વશી/૭૧૩/૨૦૨૫.-સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તથા બનારાકાંઠા જિલ્લાના અંબાજી ખાતે મોટા મેળાઓ ભરાય છે. આ મેળામાં અંબાજી માતાના દર્શનાર્થે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાંથી શ્રધ્ધાળુઓ,પગપાળા સંઘો, મંડળો તેમજ માતાજીનો રથ લઈને ચાલતા તેમજ વાહનો દ્વારા ચોરીવાડ-માલપુર-મોડાસા-શામળાજી-આશ્રમ ચાર ૨૨સ્તા-ભિલોડા-ઈડર રોડ ઉપરથી મોટી સંખ્યામાં પસાર થાય છે. તે દરમ્યાન પસાર થતાં વાહનોના કારણે પદયાત્રીઓના અકસ્માત ન થાય તેમજ ટ્રાફિક નિયમન અને પદયાત્રીઓની સુરક્ષા જળવાઈ રહે તે માટે ચોરીવાડ માલપુર-મોડાસા-શામળાજી-આશ્રમ ચાર રસ્તા જતા રોડની જમણી બાજુએ તમામ નાના-મોટા વાહનો પસાર થાય (વન-વે કરવા) તે સારૂ તા.૨૯/૦૮/૨૦૨૫ થી તા. ૦૫/૦૯/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું થાય છે.

વાસ્તે હું ડી.વી.મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી, જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અરવલ્લી જિલ્લો, મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ - ૩૩ (૧) (બી) થી મને મળેલ સત્તાની રૂએ આથી નીચે મુજબની સૂચનાઓની તમામ સબંધિત્તોએ અમલવારી કરવા હુકમ કરૂ છું.

"જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર"

- ચોરીવાડ-માલપુર-મોડાસા-શામળાજી આશ્રમ ચાર રસ્તા જતા રોડની ડાબી બાજુવાળા હાઈવે પર તમામ નાના-મોટા વાહનોની અવરજવર પર પ્રતિબંધ

"જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો"

તા.૨૯/૦૮/૨૦૨૫ના કલાક 00-00 થી તા.૦૫/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪-૦૦ સુધી (બંને દિવસો સહિત)

"જાહેરનામા મુજબ અપવાદ"

ઉક્ત પ્રતિબંધ સરકારી/સરકારી કામે રોકાયેલ વાહનો, આકસ્મિક સંજોગોને પહોંચી વળવા ઉપયોગમાં લેવાતાં વાહનો જેવા કે, એમ્બ્યુલન્સ, અગ્નિશામક વાહન વિગેરેને લાગુ પડશે નહીં

"આ જાહેરનામાનો ભંગ કરતા દંડની જોગવાઈ"

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૧ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી* ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮મી ઓગષ્ટ-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 14:06:24 IST